શહેરમાં ગરમીનો પારો ઉંચકાયો મહત્તમ તાપમાન ૪૦.૮ ડીગ્રી

ગઇકાલની સાપેક્ષમાં ગરમી ૨ ડીગ્રી વધી : હજુ આગામી દિવસોમાં આકરી ગરમી પડવાની સંભાવના : ગરમીથી બચવા રજાના દિવસે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા : રાત્રિના સમયે જનજીવનમાં રોનક નિખરી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ચાર ડિગ્રી ઉંચકાયોછે. જયારે ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉપર આવતા આજે દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો રજાનો દિવસ હોવાથી આખો દિવસ નગરના માર્ગો પર વાહનોની પણ પાંખી અવરજવર જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન પણ ૨૧ ડીગ્રીની ઉપર રહેતા રાત્રિના સમયે પણ વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઇ ગઇ છે. મોડીરાત બાદ વાતાવરણમાં હળવી ઠંડક પ્રવર્તે છે.

ગાંધીનગરમાં ઉનાળો ધીમે ધીમે આકરો બનતો જાય છે. થોડા દિવસ અગાઉ ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચી ગયો હતો જયારે ગઇકાલે પણ સવારથી વાદળિયુ વાતાવરણ રહેતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની અંદર અલબત્ત ૩૮.૮ ડીગ્રીએ રહ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસમાં ધીમે ધીમે વાતાવરણમાં ગરમી વધી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ચાર ડીગ્રી ઉંચકાયો છે. જયારે ગઇકાલની સાપેક્ષમાં આજે અચાનક જ ગરમીનો પારો ૨ ડીગ્રી ઉપર આવતા આજે ગરમીની મોસમ નિખરી હતી. દિવસનો તાપ આકરો બન્યો હતો. જયારે સવારથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાતી હતી. જયારે બપોર થતા અસહ્ય તાપથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. દિવસે અંગ દઝાડતી ગરમીથી બચવા માટે નગરજનોએ ઘરમાં જ પુરાયેલા રહેવાનુ પસંદ કર્યુ હતુ. રજાનો દિવસ હોવાની સાથે ગરમીનો મિજાજ પણ આકરો બનતા નગરના જનજીવન પર સ્પષ્ટ અસર વર્તાઇ હતી. દિવસ દરમિયાન શહેરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો જયારે શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાયેલો રહ્યો હતો આકરી ગરમીથી બચવા માટે નગરજનો ટોપી અને

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લામાં તીવ્ર હીટવેવની આગાહી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આગામી ૪૮ કલાકમાં તીવ્ર હીટવેવની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવેલ છે.

હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યાનુસાર આગામી બે-ત્રણ દિવસ સુધી ગરમીનો પારો ૨ થી ૩ ડિગ્રી સુધી વધી શકે છે.

હવામાન ખાતાએ યલો એલર્ટ જાહેર કરી જણાવ્યુ છે કે બપોરના સમયે અનિવાર્ય ના હોય તો બહાર જવાનુ ટાળવુ તેમજ પાણી સતત પીતા રહેવુ જરૂરી છે.

આ વખતે આકરો ઉનાળો રહેવાની સંભાવનાઓ છે. જિલ્લામાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જશે. બે દિવસ બાદ ગરમીમાં ઘટાડો જોવા મળશે તેમ માનવામાં આવી રહ્યુ છે.

શહેર - જિલ્લામાં પ્રિકોશન ડોઝની ધીમી કામગીરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની ત્રીજી લ્હેર સમાપ્તી તરફ છે પરંતુ કોરોના વેક્સીનેશનના પ્રિકોશન ડોઝ લેવામાં શહેર-જિલ્લાના લોકોની ઉદાસીનતાને લઈ તંત્ર હવે નવી રણનીતિ તૈયાર કરી રહ્યું છે.

૧૨ થી ૧૪ વર્ષના બાળકોના વેક્સીનેશન અભિયાનમાં પણ તંત્રને હજુ ધારી સફળતા મળી નથી. પરીક્ષાનો માહોલ હોવાથી બાળકો વેક્સીનેશનથી દૂર રહેવાનું પસંદ કરી રહ્યા છે.

શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝની ધીમી કામગીરીને લઈ તંત્ર હવે નવી રણનીતિ તૈયાર કરી રહેલ છે.

ત્રીજી લ્હેર ઘાતક ના બની તેની પાછળ વેક્સીનેશન અભિયાનની મોટી સળફતા છુપાયેલી હોવાનો એકકાર તંત્રના સૂત્રો કરી રહ્યા છે. માઈલ્ડ સિમટમ્સ આ લ્હેરમાં વધુ જોવા મળ્યા હોવાથી તંત્રને પણ રાહત હતી. બીજુ હોસ્પિટલાઈઝેશન રેટ ઘણો જ ઓછો રહ્યો હોવાથી પણ તંત્રએ રાહત અનુભવી હતી.

જિલ્લામાં હવે તંત્ર વેક્સિનેશન અભિયન આગામી દિવસોમાં તેનું ધ્યાન કેન્દ્રીત કરી સઘન બનાવશે. તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના હવે માત્ર ૨ એક્ટીવ કેસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના હવે માત્ર ૨ જ એક્ટીવ કેસ છે અને કોરોનાની ત્રીજી લ્હેર હવે સમાપ્તી તરફ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી. કોરોનાના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં સોલા સિવિલ ખાતે એક વોર્ડનું ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા.

સચિવાલય બેંક ઓફ બરોડા બેંકના મેનેજરનું રખિયાલ પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ રખિયાલ હાઈવે પર આજે સર્જાયેલ ગમખ્વાર અકસ્માત સર્જાતાં કારચાલકનું કમકમાટીભર્યુ મોત નીપજ્યુ છે. કાર ઝાડ સાથે ટકારાયા બાદ ત્રણ પલ્ટી ખાઈ જતાં કારચાલકનું મોત નીપજ્યુ હતુ.

અકસ્માતમાં ભોગ બનનાર મૂળ મહેસાણાના વતની અને હાલ ચાંદખેડા રહેતા હતા. ગાંધીનગર સચિવાલય ખાતે આવેલી બેંક ઓફ બરોડા શાખાના બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા.

તેઓ આજે બેંકની કામગીરીના સંદર્ભે જ લિહોડા ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં મૃત્યુ પામનારનું નામ ગૌરાંગભાઈ હરગોવિંદભાઈ સાગર છે. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી સમગ્ર ઘટનાની તપાસ રખિયાલ પી.એસ.આઈ. એ.એસ. ગામીત કરી રહ્યા છે.

પશુધન નીરીક્ષકની પરીક્ષામાં ૭૩ ટકા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૬

આજે લેવાયેલ પશુધન નીરીક્ષીકની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૭૩ ટકા જેટલા પરીક્ષાર્થીઓએ હાજરી આપી હતી.

તાજેતરમાં યોજાઈ રહેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં આજે સારી હાજરી નોંધાઈ છે જે એક સારી નિશાની છે. ૬૦ ટકા કરતાં વધુ ઓછી હાજરી નોંધાઈ છે.

રાજય પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે જિલ્લામાં આ પરીક્ષાનું આયોજન કરાયુ હતુ. ૩૮૦૦ થી વધુ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. આ પરીક્ષા માટે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ખાસ કંટ્રોલરૂમ પણ શરૂ કરયો હતો એટલુ જ નહિ સમગ્ર પરીક્ષાનું સંચાલન પંચાયતની ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ માટે ૧૩ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા હતા.

ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળના નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતેના રાજયકક્ષાના ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ હતી જેમાં સંસ્થાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. નવનિયુક્ત હોદ્દેદારોમાં મહામંડળના પ્રમુખપદે હાલ અમદાવાદમાં વર્ગ-૪ પ્રમુખ તરીકે કાર્યરત નગીનભાઈ સી. ગોરીયા, મહામંત્રી પદે સાબરકાંઠા વર્ગ-૪ પ્રમુખ તરીકે કાર્યરત કે. એમ. પ્રણામીની નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે મહામંડળના પૂર્વ પ્રમુખ ડી.કે. રાજવીની સલાહકાર અધ્યક્ષપદે તેમજ ઉપપ્રમુખપદે રાજકોટ જિલ્લા વર્ગ-૪ પ્રમુખ જીતેન્દ્ર એ. મહેતાની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના ચિરાગભાઈ નિનામાની સહમંત્રી પદે, અમરેલી જિલ્લાના ઉમેશભાઈ બી. મકવાણાની ખજાનચી પદે, વડોદરા જિલ્લાના હર્ષદભાઈ આર. પરમારની ઓડીટર પદે અને બનાસકાંઠા જિલ્લાના અશોકભાઈ એસ. પુરોહિતની સંગઠનમંત્રી પદે વરણી કરવા સાથે કારોબારી સભ્યોમાં ૧૮ હોદ્દેદારોની પણ નિયુક્તી કરવામાં આવી હતી.

બોર્ડના પરીક્ષાર્થીઓ આજે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન બેઠક વ્યવસ્થા જોઈ શકશે

ગાંધીનગર તા ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી સોમવારથી ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ માટે આગળના દિવસે અલબત્ત રવિવારે પરીક્ષાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા કે નંબર પરીક્ષા કેન્દ્રો ખાતે જોઈ શકશે. વન રક્ષકની પરીક્ષા હોવાના લીધે પરીક્ષાર્થીઓને બપોરે ૩ થી ૫ કલાકના સમયગાળમાં નંબર જોવામાં વધુ સરળતા રહેશે તેમ પણ જણાંવાયુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૨૮ માર્ચથી ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવાશે ગાંધીનગર જિલ્લામાંથી પણ આ પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓ હાજરી આપશે ગત વર્ષે કોવિડના લીધે પરીક્ષા મોકુફ રાખવામાં આવી હતી જયારે પરીક્ષાર્થીઓના માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ જયારે કોરોના કાળમાં વર્ષ દરમિયાન મોટાભાગના દિવસોમાં ઓનલાઇન શિક્ષણનો ટ્રેન્ડ યથાવત રહ્યો હતો. કોરોનાના સંક્રમણના લીધે શાળાઓમાં ઘણાં ઓછા દિવસો પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ચાલુ રહ્યુ હતુ. જયારે શૈક્ષણિક વર્ષના અંતે દરવર્ષની જેમ ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી સોમવારથી બોર્ડ પરીક્ષા શરૂ થવાની છે. ત્યારે વિદ્યાર્થીઓ હાલ અંતિમ તબક્કાની તૈયારમાં વ્યસ્ત છે. પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ત્યારે શિક્ષણ તંત્ર અને બોર્ડ દ્વારા પણ પરીક્ષાના આયોજનને અનુલક્ષી સઘળી તૈયારી કરી દેવામાં આવી છે. પારદર્શક રીતે ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા લેવાય તે માટે વિશેષ કાળજી રાખવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરાની વોચ પણ રહેશે જયારે પરીક્ષા દરમિયન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વિશેષ કાળજી રાખવામાં આવશે. પરીક્ષાના આડે એક દિવસ બાકી છે. ત્યારે પરીક્ષાના આગળના દિવસે અલબત્ત રવિવારે પરીક્ષાર્થીઓ પોતાનો નંબર જોઇ શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. રવિવારે વનરક્ષકની પણ પરીક્ષા હોવાથી પરીક્ષાર્થીઓ માટે મોટાભાગના કેન્દ્રો પર નંબર જોવાની વ્યવસ્થા બપોરે ૩ થી ૫ નો સમય નિયત કરાયો છે. પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓ આ સમયગાળા દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા જોઈ શકશે આ માટે શિક્ષણતંત્ર દ્વારા સંબંધિત પરીક્ષા સ્થળો પર સુચના પણ આપી દીધી છે. વન રક્ષકની કસોટીના લીધે પરીક્ષાર્થીઓને નંબર જોવાના સમયમાં ફેરફાર કરાયો છે. જેની વિદ્યાર્થીઓ અને વાલીઓએ નોંધ લેવા માટે તંત્રએ જણાંવ્યુ છે.

બોરીજમાં પરણિતાનું ગળુ દબાવી હત્યા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક સર્કીટ હાઉસ પાછળ આવેલા બોરીજના પરામાં પરિણિતાની હત્યાથી ચકચાર મચી જવા પામી છે. પરિણિતાની હત્યા બોથડ પદાર્થ મારી કે ગળુ દબાવી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે હત્યા કર્યા બાદ આરોપી ફરાર છે, તો બીજીતરફ પરિણિતાના ભાઈએ સાસરીપક્ષના સભ્યો સહિત એક વ્યકિત સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા બોરીજ ગામે નિકીતા ઠાકોર નામની પરિણિતા ઘરે એકલી હતી.જયારે તેના પરિવારના સભ્યો મંદિરે તેમજ બાજુમાં લગ્ન હોવાથી રસોડુ ચાલતુ હોવાથી ત્યાં હતા. ત્યારે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં પરિણિતાના જેઠ ફુલાજી ઠાકોર મંદિરથી ઘરે આવ્યા હતા. અને થોડા સમય બાદ તેમની પત્ની પણ ઘરે આવી હતી. ત્યારબાદ દંપતિ પાણી પીને સુઈ ગયા હતા. રાત્રીના સમયે અચાનક તેમના મકાનની પાછળના ભાગે આવેલા ઓરડામાંથી શખ્સ દોડીને ભાગવા જઈ રહ્યો હતો. તે સમયે ફુલાજી જાગી જતા તેમણે તે શખ્સને પકડી પાડ્યો હતો અને ચાર પાચ લાફા માર્યા હતા. ત્યારે ભાગી રહેલો શખ્સ બોરીજ ખાતે ઘરના બાંધકામ ખાતે કડીયા કામ કરતો રાજુ હોવાનું જાણવા મળ્યું હતું. આ સમયે હોબાળો થતા ઘરના સભ્યો પણ આવી ગયા હતા.પરંતુ તે પહેલા રાજુ ફુલાજીને ધકકો મારી નાસી ગયો હતો. બાદમાં નાના ભાઈના ઘરમાં જોતા નિકીતા મૃત હાલતમાં મળી આવી હતી.

બનાવની જાણ થતા સેકટર-૨૧ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી કાનુની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે પરિણિતાના ભાઈ કિશન ઠાકોરે ફરીયાદ નોંધાવી છે કે ત્રણ ભાઈ બહેન પૈકી નિકીતના લગ્ન ચાર વર્ષ અગાઉ બોરીજ ખાતે રહેતા રાહુલજી વિરમજી ઠાકોર સાથે થયા હતા. ત્યારથી નિકીતા સાસરીમાં રહેતી હતી.

જયારે બોરીજ કડીયાકામ કરતા રાજુ ઠાકોરને નિકીતાના રૂમમાંથી નીકળતા જેઠ ફુલાજી જોઈ લીધો હતો. જેને પગલે ઝપાઝપી થતા રાજુ ઠાકોર ભાગી ગયો હતો. તેણે ગળુ દબાવી હત્યા કરી છે. આવી થિયરી નિકિતાના પતિએ વર્ણવી હતી.

તો બીજીતરફ મૃતકના ભાઈએ મૃતદેહ જોતા તેણીના ડાબી આંખના અને દાઢીના ભાગે મારેલાનું કાળુ ચાઠુ હતું. ગરદનના ભાગે નખના ઉઝરડાના નિશાન હતા. જયારે નાકમાંથી લોહી નીકળતુ હતું. બોથડ પદાર્થ કે ગળુ દબાવી હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. જેથી મૃતકના ભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે પતિ, જેઠ, જેઠાણી અને સાસુ સહિત રાજુ ઠાકોર સામે હત્યાનો ગુનો નોંધાયો છે.

ગુડા વિસ્તારમાં ૫૪૯૩ એલઆઈજી કક્ષાના આવાસોનુ નિર્માણ કરાશે

વાસણા હડમતિયા વિસ્તારમાં ૧૩૫૨ આવાાસોની વસાહત તૈયાર થશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી દિવસોમાં ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવામાં આવશે. ગુડાના વાસણા હડમતિયા વિસ્તારમાં જ ૧૩૫૨ આવાસો તૈયાર કરાશે જયારે આ ઉપરાંત વાવોલ, સરગાસણ, કુડાસણ, પેથાપુર સહીતના વિસ્તારમાં પણ આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે નવા આવાસો બાંધવામાં આવશે. અંદાજિત ૫૪૯૩ જેટલા આવાસો તૈયાર કરાશે આ પૈકી કેટલાક આગામી જુન થી ડિસેમ્બર મહીના સુધીમાં તૈયાર થઇ જશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા આવાસો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. શહેરી વિકાસ વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ગુડા વિસ્તારમાં આગામી દિવસામાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે ૫૪૯૩ જેટલા આવાસો બાંધવામાં આવશે. જેમાં ગુડા દ્વારા ટી પી સ્કીમ નં -૯ વાસણા હડમતિયા વિસ્તારમાં જ નવા ૧૩૫૨ આવાસોનુ નિર્માણ કરાશે. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ નવા આવાસો તૈયાર કરવાની યોજના અન્વયે આગામી ડિસેમ્બર મહીના સુધીમાં જ ૨૮૨૮ આવાસો તૈયાર કરી દેવાશે. જયારે કુડાસણ વિસ્તારમાં ૩૩૬ મકાનોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. સરગાસણમાં આગામી જુન મહીના સુધીમાં ૩૯૨ આવાસનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. પેથાપુરમાં ૧૦૦ આવાસો જુલાઇ મહીનામાં તેમજ વાવોલમાં ૨૮૮ ૫૦૪ અને સરગાસણના અન્ય એક પ્લોટમાં ૧૨૦૮ આગામી ડિસેમ્બર મહીનામાં પુર્ણ કરી દેવાશે. સરગાસણમાં અન્ય પ્લોટમાં ૬૨૪ અને વાવોલમાં અન્ય બે પ્લોટમાં ૩૬૯ અને ૩૨૦ આવાસોના નિર્માણનુ કામ આગામી જુન મહીનાથી હાથ ધરવામાં આવશે. આ માટે ગુડા દ્વારા તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી રહી છે. જયારે વાસણા હડમતિયામાં ૧૩૫૨ આવાસ બાંધવામાં આવશે. કેન્દ્ર સરકારે દેશમાં બજેટ દરમિયાન આર્થિક રીતે નબળા પરિવારો માટે ૬૦ લાખ આવાસની યોજના અન્વયે જાહેરાત કરવામાં આવી હતી. જયારે આ પૈકી ઘણાં ખરા આવાસોનુ કામ ગુડા વિસ્તારમાં હાથ ધરવાનુ આયોજન કરી દેવાયુ છે. ગુડાની ઈકોનોમિક વિકર સેકશન અન્વયેના મકાનોની યોજના અન્વયે અત્યાર સુધીમાં સૌથી વધુ મકાનો અલબત્ત વસાહત વાસણા હડમતિયા ગામમાં નિર્માણ પામશે. આ ઠેકાણે અંદાજિત રૂ ૧૧૪.૪૨ કરોડના ખર્ચે એક બેડરૂમ, હોલ કીચન અને ટોઈલેટની સુવિધા ધરાવતા આવાસો બાંધવામાં આવશે આ માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. સરગાસણમાં પણ ૧૨૦૮ જેટલા આવાસો અન્વયે ગુડાએ બજેટ દરમિયાન જાહેરાત કરી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

રાજ્યમાં કોરોનાના નવા ૧૭ કેસ : રિકવરી રેટ ૯૯.૦૯ થયો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં આજે કોરોનાના કુલ ૧૭ કેસ નોંધાયા છે. જે પૈકી ૨૩ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૬૪૪ નાગરિકોએ કોરોનાને મ્હાત પણ આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૮ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજયમાં ૧,૧૫,૩૭૨ રસીના ડોઝ અપાયા હતા. હાલમાં કોરોનાના કુલ ૨૭૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૭૨ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૧૨,૬૪૪ નાગરિકો ડીસ્ચાર્જ પણ થયા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦,૯૪૨ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, સુરત અને વડોદરા કોર્પોરેશનમાં ૨-૨ કેસ, બનાસકાંઠા, તાપી અને વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૨૯૬૭ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૬૫૪૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના નાગિરકો પૈકી ૨૩૫૨ અને ૭૭૫૭ ને રસીનો બીજો ડોઝ અપાય ચુક્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com